# <u>સામુદાયિક હેલ્પ ડેસ્ક સેન્ટર કાર્યક્રમ</u>

# <u>ટૂંકો અહેવાલ</u>

**અહેવાલનો સમયગાળો**

**જુલાઈ ૨૦૧૯ થી સપ્ટેમ્બર ૨૦૧૯**

**સહયોગ:**

## ગુજરાત રાજ્ય ફાયનાન્સીયલ સર્વિસ લીમીટેડ અને ગુજરાત સી.એસ.આર ઓથોરીટી

**અમલીકરણ:**

## માહિતી ટ્રસ્ટ, ધોલેરા

**<u>પ્રસ્તાવના</u>**

માહિતી સંસ્થા અમદાવાદ, ભાવનગર અને બોટાદ જીલ્લાના ૧૨૫ થી વધારે અંતરિયાળ ગામોમાં લોક સશક્તિકરણ અને વિવિધ ગ્રામિણ વિકાસને લગતી પ્રવૃતિઓ અને પ્રક્રિયાઓ છેલ્લા ૨૪ વર્ષથી કરે છે. સંસ્થા ખાસ કરીને ધોલેરા, ધંધુકા, બરવાળા, રાણપુર, ભાવનગર અને શિહોર તાલુકાના ગામોમાં કાર્યરત છે. સંસ્થાનો મુખ્ય ધ્યેય વંચિત સમુદાયના લોક સહયોગ દ્વારા લોક જાગૃતિ અને એવી પ્રક્રિયાઓ કરવી કે તેઓ સામર્થ્યવાન બને અને તેમનું જીવન ધોરણ ઊંચું આવે. સંસ્થા મુખ્યત્વે મહિલા સશક્તિકરણ, ખેતી વિકાસ, પીવાનું પાણી, કુદરતી સંસાધન વિકાસ અને વ્યવસ્થાપન, આફત વ્યવસ્થાપન, લઘુ ધિરાણ, સામાજિક ન્યાય અને યુવા વિકાસ જેવા મુદ્દાઓ સાથે કાર્ય કરે છે.

સંસ્થા એવા વિસ્તારમાં કાર્ય કરે છે તે વિસ્તારની જમીન એકદમ ખારી છે, પાક ઉત્પાદકતા ઓછી છે અને વર્ષમાં એક જ સીઝન ખેતી કરી પાક લઇ શકે છે જેમાં ખાસ કરીને કપાસ, ઘઉં, ચણા મુખ્ય છે. આમ વર્ષમાં તેમને રોજગારી માટે ૮ મહિના જેવું સ્થળાંતર કરવું પડે છે. ગુજરાત રાજ્યનો આ ભાલ વિસ્તાર ખુબ જ પછાત છે અને શિક્ષણ દ્રષ્ટીએ પણ પછાત છે. અહીં ખાસ કરીને અન્ય પછાત વર્ગ જેમ કે કોળી જ્ઞાતિની વસ્તી વધુ છે. આમ દલિત અને કોળી સમુદાયની વસ્તી વધુ હોવા છતાં તેમની પાસે કોઈ રાજકીય સત્તા નથી, મોટા ભાગના ધંધાકીય પ્રવૃતિઓ જમીનદારો, શાહુકારો પાસે છે અને તેમનું વર્ચસ્વ આ વિસ્તારમાં વધુ જોવા મળે છે.



જુન મહિનામાં સંસ્થા દ્વારા ગુજરાત સી.એસ.આર ઓથોરીટી નો સંપર્ક કરવામાં આવ્યો અને GCSRA ના CEO શ્રી ડી. થારા મેડમ સાથે મુલાકાત કરવામાં આવી અને વિસ્તાર સ્તરના પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી. તેમના સહકાર અને માર્ગદર્શન દ્વારા સંસ્થાએ શ્રી ચિરાગભાઈ વ્યાસ અને





શ્રી પંકજભાઈ કામ્લીયાના માર્ગદર્શન હેઠળ એક દરખાસ્ત મોકલવામાં આવી કારણ કે આ વિસ્તારમાં સરકારી યોજનાઓની જાણકારી અને પન્હોચ અન્ય તાલુકા કરતા ખુબ ઓછી હોવાના કારણે આ દરખાસ્ત GCSRA દ્વારા જુલાઈ ૨૦૧૯ માસમાં મંજુર કરવામાં આવી. આ દરખાસ્ત મંજુર કરતા પહેલા GCSRA ના શ્રી ચિરાગભાઈ વ્યાસ દ્વારા PRE-APPRAISAL મુલાકાત કરવામાં આવી સતી આ પ્રોજેક્ટ હેઠળ ધોલેરા ગામોના ૦૬ ગામોમાં સામુદાયિક હેલ્પ ડેસ્ક સેન્ટર શરુ કરવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો.

## માસિક કામગીરીનો અહેવાલ

## જુલાઈ ૨૦૧૯

- સૌપ્રથમ મંજૂરીનો ઓર્ડર મળતા ઓર્ડર મુજબ INDEMNITY BOND નોટરાઈઝ કરીને મોકલી આપવામાં આવ્યો.
- ટીમ પસંદગી માટે ગુજરાત સમાચાર અને દિવ્ય ભાસ્કર સમાચાર પત્રમાં જોઈએ છે તે મથાળા હેઠળ નોકરી વિષયક જાહેરાત આપવામાં આવી અને બાયોડેટા મંગાવવામાં આવ્યા.
- વિવિધ સરકારી વિભાગો અને સરકારી વિભાગોની વેબ સાઈટની મદદ થી સરકારી સ્કીમોનું સ્કીમ મેટ્રિક્ષ ત્યાર કરીને મોકલવામાં આવ્યું. આમ કુલ ૨૨ પ્રકારની સ્કીમોની યાદી તૈયાર કરવામાં આવી જેમાં ખાસ કરીને યોજનાનું નામ, યોજનાનો હેતુ, યોજના હેઠળ પાત્રતાના માપદંડ, યોજના હેઠળ મળવાપાત્ર લાભ, ક્યાં વિભાગ દ્વારા યોજના ચલ્વવામાં આવે છે ? યોજના હેઠળ ક્યાં ક્યાં પુરાવા માટેના દસ્તાવેજો જરૂર પડે તે વિગતો દર્શાવતું પત્રક બનાવવામાં આવ્યું અને મોકલી આપવામાં આવ્યું.
- ગામની માહિતી એકત્ર કરવા માટે એક સર્વે ફોર્મ બનાવવામાં આવ્યું જેમાં ખાસ કરીને સરપંચ, તલાટી, આશા વર્કર, આંગણવાડી વર્કર, કુલ વસ્તી, ફળિયા વાઈઝ વસ્તી, ઘરોની સંખ્યા, જમીન વગેરે લગતી માહિતી એકત્ર કરવામાં આવી.

- આ ઉપરાંત કૌટુંબિક સર્વે માટેનું સર્વે ફોર્મ પણ તૈયાર કરવામાં આવ્યું અને ખાસ કરીને કઈ કઈ યોજનાઓનો લાભ જેતે કુટુંબને મળ્યો છે તે માહિતી એકત્ર કરવા માટે ફોર્મ તૈયાર કરીને ઝેરોક્ષ કરાવવામાં આવી.
- આ મહિના માં જ ફંડ માટેનો પ્રથમ હપ્તો મેળવવા માટે અરજી મોકલી આપવામાં આવી

**<u>ઓગસ્ટ ૨૦૧૯ અને સપ્ટેમ્બર ૨૦૧૯</u>**

- ઓગસ્ટ મહિનાની શરૂઆતના અઠવાડિયામાં ફિલ્ડ કોઓર્ડીનેટરની પસંદગી કરવામાં આવી અને તેમને નિમણુંક આપવામાં આવી જેની વિગત નીચે પ્રમાણે છે.

| ક્રમ | નામ | હોદો | અભ્યાસ | સોંપેલ ગામ |
|---|---|---|---|---|
| ૦૧ | દિનેશ પંડ્યા | સંકલક | પોસ્ટ ગ્રેજ્યુએટ | સંકલન |
| ૦૨ | પરેશ હપાણી | હેલ્પ ડેસ્ક સંકલક | ગ્રેજ્યુએટ | હેબતપુર |
| ૦૩ | સંધ્યા વસાવા | હેલ્પ ડેસ્ક સંકલક | પોસ્ટ ગ્રેજ્યુએટ | રાહતળાવ |
| ૦૪ | લાલજી મીઠાપરા | હેલ્પ ડેસ્ક સંકલક | ગ્રેજ્યુએટ | મીન્ગલપુર |
| ૦૫ | શોભાબેન ચૌહાણ | ફિલ્ડ સંકલક | ધોરણ ૧૦ | રાહતળાવ |
| ૦૬ | પારુલ ચુડાસમા | ફિલ્ડ સંકલક | ધોરણ ૧૨ | મહાદેવપુરા |
| ૦૭ | મનીષા મેર | ફિલ્ડ સંકલક | ધોરણ ૧૨ | હેબતપુર |
| ૦૮ | મનીષા કામ્બડ | ફિલ્ડ સંકલક | ધોરણ ૧૨ | રાજપુર |
| ૦૯ | સોનલ કાનાણી | ફિલ્ડ સંકલક | ધોરણ ૧૨ | મીન્ગલપુર |
| ૧૦ | પાયલ ચુડાસમા | ફિલ્ડ સંકલક | ધોરણ ૧૨ | ઝાંખી |
| ૧૧ | નસીમબાનું કાદરભાઈ | ફિલ્ડ સંકલક | ધોરણ ૧૦ | મીન્ગલપુર |

- સ્ટાફની ભરતી કર્યા બાદ શ્રી જીજ્ઞાબેન ઠાકર દ્વારા મુલાકાત કરવામાં આવી અને સ્ટાફ સાથે બેઠક કરવામાં આવી હતી. શ્રી જીજ્ઞાબેન દ્વારા બધા જ ગામોની મુલાકાત કરવામાં આવી હતી અને હેલ્પ ડેસ્ક સેન્ટરની જગ્યા પસંદ કરવામાં આવી હતી. પસંદ કરેલ હેલ્પ ડેસ્ક સેન્ટર ની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| મિન્ગલપુર હેલ્પ ડેસ્ક સેન્ટર | આંગણવાડી કેન્દ્ર નું મકાન પસંદ કરવામાં આવે છે. |
| હેબતપુર હેલ્પ ડેસ્ક સેન્ટર | સરપંચ શ્રી ની દુકાનમાં નક્કી કરવામાં આવેલ છે. |
| રાહતળાવ હેલ્પ ડેસ્ક સેન્ટર | ગ્રામ પંચાયતની કચેરીમાં નક્કી કરવામાં આવેલ છે. |



**Figure 1: Ms. Jigna Thakar Visit of Hebatpur**



**Figure 2: Ms. Jigna Thakar Visit at Zankhi**

- સ્ટાફની ભરતી કર્યા બાદ અને સેન્ટર પસંદગી બાદ તમામ સ્ટાફની એક તાલીમ શ્રી દિનેશભાઈ પંડ્યા દ્વારા યોજવામાં આવી હતી. જેમાં જેટલી પણ સરકારી યોજનાઓ છે તેની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ તાલીમમાં ધોલેરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના **મેડીકલ ઓફિસર શ્રી અને કલાર્ક પણ હાજર રહ્યા** હતા જેમણે ખાસ કરીને આરોગ્યને લગતી યોજનાઓની માહિતી આપવામાં આવી હતી.



- ધોલેરા તાલુકા વિકાસ અધિકારી અને મામલતદાર શ્રીને પ્રોજેક્ટ અંગેનો પત્ર પાઠવવામાં આવ્યો હતો. તાલીમ દરમ્યાન વિધવા સહાય, વૃદ્ધ પેન્શન જેવી યોજનાઓના ફોર્મ ટીમને આપવામાં આવ્યા હતા.

- ઓગસ્ટ મહિના દરમ્યાન કૌટુંબિક સર્વે માં ખાસ કરીને **ઝાંખી અને રાજપુર ગામનો સવે પૂર્ણ કરવામાં આવ્યો છે** અને હાલમાં **હેબતપુર, મીન્ગલપુર, રાહ્તાલવ ગામનો સર્વે ૬૦ ટકા જેટલો પૂરો થઇ ગયેલ છે.**

- સાથે સાથે ગુજરાત સરકારની ઓર્ગેનિક પોલીસી ૨૦૧૫ હેઠળ ઓર્ગેનિક ખેતી કરતા અને અપેડા માં સજીવ ખેતી હેઠળ નોંધાયેલા અને જે ખેડૂતનું ઓર્ગેનિક સર્ટીફિકેટ મેળવેલ છે તેમને ગુજરાત સરકાર માંથી દેશી ખાતર / છાણીયું ખાતર નાખવા માટે પ્રોત્સાહન રૂપે હેકટરે રૂપિયા ૫૦૦૦/- આપવામાં આવે છે તેના ફોર્મ આઈ ખેડૂત પોર્ટલ પર ભરવામાં આવ્યા છે અને તેમના જરૂરી દસ્તાવેજો એકઠા કરવામાં આવ્યા છે. આઈ ખેડૂત પોર્ટલ પર ભરેલા ફોર્મ પર જે તે ખેડૂતની સહી કરાવીને તાલુકા અમલીકરણ અધિકારી શ્રી (ખેતી) શ્રી અતુલભાઈ પટેલ – મદદનીશ ખેતી નિયામકશ્રીની કચેરી તાલુકા પંચાયત કચેરીની પાછળ ધોળકા ખાતે ફાઈલો બનાવી કવરીંગ લેટર સાથે રજુ કરી દેવામાં આવી છે. આમ **૧૪૬ ખેડૂતોની અરજીઓ** જરૂરી દસ્તાવેજો સાથે સબમિટ કરી દેવામાં આવેલ છે, પણ હજુ સુધી ખેડૂતોને યોજનાનો લાભ તેમના બેંક ખાતામાં મળેલ નથી.

- આ ઉપરાંત વિવિધ સરકારી યોજનાના ફોર્મને સોફ્ટ કોપીમાં ઉપલબ્ધ કરવામાં આવ્યા છે જેથી જરૂરિયાત મુજબ તેની પ્રિન્ટ લઈને ઉપયોગ કરી શકાય. આમ અંદાજે ૧૦ જેટલી યોજનાઓના ફોર્મ તૈયાર કરવામાં આવ્યા છે.

- આ ઉપરાંત હેલ્પ ડેસ્ક સેન્ટર માં લગાવવાના બેનર જી.સી.એસ.આરે સાથે રહીને તૈયાર કરી દેવામાં આવ્યા છે. જે નીચે પ્રમાણે છે.











ટીમની તાલીમ **GCSRA / KCS SOFTWARE દ્વારા તારીખ ૧૫.૧૦.૨૦૧૯ના** રોજ યોજવામાં આવી હતી જેમાં ડેટા એન્ટ્રી કઈ રીતે કરવી તે શીખવામાં આવ્યું

## આયોજન ૩૧.૧૦.૨૦૧૯ સુધી

આ માસમાં સંસ્થાને કેપિટલ ફંડ મળતાની સાથે ટેબ્લેટ નંગ ૬ ખરીદી લેવામાં આવ્યા છે. જેના ભાવ પત્રકો પણ મંગાવવામાં આવ્યા છે. જે તે ટેબ્લેટ ફિલ્ડ સંકલકની પાસેથી બાહેધરી પત્રક લઇ ને આપી દેવામાં આવેલ છે. જેમાં ખાસ તેની કાળજી અંગે અને નુકશાની ના થાય તે અંગે બાહેધરી લેવામાં આવેલ છે.

તારીખ ૧૯.૧૦.૨૦૧૯ સુધીમાં કોમ્પ્યુટર સીસ્ટમ, પ્રિન્ટર, યુ.પી.એસ. અને જરૂરી ટેબલ ખુરશી ખરીદી અને ત્રણેય સેન્ટર પર મૂકી દેવામાં આવશે.

આવતી તારીખ ૩૧.૧૦.૨૦૧૯ સુધીમાં અંદાજે વિધવા સહાય, વૃદ્ધ પેન્શન, આવકનો દાખલો, જનની સુરક્ષા, ચિરંજીવી યોજના અને ખોળ ખાપણ માટેની સહાય વગેરે જેવી યોજનાઓના અંદાજે **૫૦ થી ૭૫** જેટલા ફોર્મ ભરીને જરૂરી આધાર પુરાવા સાથે તૈયાર કરી દેવાનું આયોજન છે.

૩ હેલ્પ ડેસ્ક સેન્ટરનું ઉદ્ઘાટન કરવાનું પણ આયોજન છે. પ્રાથમિક તારીખ ૨૧ અથવા ૨૨ મી એ તેનું ઉદ્ઘાટન રાખવું તેવું આયોજન છે.